# ગોરધનભાઈ ડી પટેલ

આધુનિકતા અને પ્રગતિના આજના યુગમાં સમાજ સેવાના ધ્યેય સાથે અનેક સંસ્થાઓ સાથે જોડાયેલ ગોરધનભાઈ ડી. પટેલનું કાર્ય બીજાને પ્રેરણા રૂપ બને તેવું છે. પરિવાર સમાજ અને દેશના ઉત્કર્ષ માટે સતત વિચારશીલ યુવાનોને રસ્તો ચીંધનાર, સાચા અર્થમાં જીવન સમજી સાહિત્ય અને સમાજ માટે પણ સજાગ વ્યક્તિત્વ એટલે ગોરધનભાઈ પટેલ.

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ કોટાના મુખ્ય ટ્રસ્ટી, અખિલ ભારત ગુજરાતી સમાજના કોષાધ્યક્ષ અને વિશ્વ ગુજરાતી સમાજ અમદાવાદના આજીવન સભ્ય સદાય સામાજીક સાહિત્યિક પ્રવૃત્તિ માટે પ્રવૃત્ત રહે છે.

ગુર્જર સરિતા, ગુજરાત ગૌરવ ટુરિસ્ટ ગાઈડના પ્રકાશન સંપાદન પણ તેઓ દ્વારા કરાય છે. સરદાર નગર ટ્રસ્ટ (ગુજરાત) શ્રીરામ ધામ સેવા આશ્રમ ટ્રસ્ટ, કોટ, શ્રી ગુજરાતી સમાજ કોટા, મન્દિર સેવા સમિતી મધ્ય ગુજરાત ફર્ટિલાઈઝર્સ ડિસ્ટ્રીબ્યુટર વોફેર એશોસીએશન સર્મપણ સેવા સમિતિ, રાજસ્થાન ફર્ટિલાઈઝર ડિસ્ટ્રીબ્યુટર એસોસીએશન હાડૌતી સોફ્ટ ડ્રિંક્સ મેન્યુફેક્ચરીંગ એસોસીએશન જેવી સંસ્થાઓના ટ્રસ્ટી તરીકે સેવા આપી છે.

શિક્ષણ ક્ષેત્રે પ્રવૃત્ત જ્ઞાનોદય બાલ શિક્ષણ સમિતિ કોટાના અધ્યક્ષ તરીકે સેવા આપે છે.

સામાજીક ક્ષેત્રે કર્મયોગી સેવા સમિતિ હાડૌતી દ્દષ્ટિહીન સેવા સમિતિ હમારા મંચ, બજરંગ વિકલાંગ સેવા સમિતિ માટે પણ સંરક્ષકની ભૂમિકા માટે પ્રવૃત્ત રહ્યા છે.

જ્યારે રમતગમત ક્ષેત્ર માટે કોટા જિલ્લા કુશ્તી સંઘના વરિષ્ઠ સંરક્ષણ તરીકે સેવા આપે છે.

પ્રેસ ક્લબ કોટા, વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર મુંબઈ, બ્રાઈટલેન્ડ સ્કૂલ સમિતિ કોટા, ભારતીય ગૌ સંવર્ધન સેવા અને અનુસંધાન કેન્દ્ર, ગિરધર ગૌ સેવા સમિતિ કોટા ભારતીય વિદ્યામંદિર, કોટા રાજસ્થાન આયુર્વેદિક ચિકિત્સાલય જેવી સંસ્થાના સદસ્ય બની સેવાની મશાલ તેજ બનાવતા રહે છે.